ત્રાટક્યો મન ભરી મેઘો, સર્વત્ર પાણી પાણી!
છલક્યાં ડેમ નદી તળાવ ને રસ્તા પાણી પાણી!
તૂટી દંભની દિવાલો આયોજન પાણી પાણી!
‘ડિઝાસ્ટર વ્યવસ્થા’ની આબરૂ પાણી પાણી!

સાલ ઓઢીને -
સલવાણા શરીફ!
ચઢી છે ટાઢ!
(હવે ધાબળો મોકલો!)

વગાડી આવ્યા!
ઢોલ-નગારાં-પાવા,
સફળતાનાં..
(જાપાન પ્રવાસ)

ચિંતન

પ્રત્યહં પ્રત્યવેક્ષેત નરશ્ચરિતમાત્મનઃ ।

માણસે દરરોજ પોતે કરતાં કાર્યો-આચરણનું રાત્રે સૂતી વખતે અવલોકન કરવું જોઇએ અર્થાત આજની મારી દિનચર્યામાં શું સારું કર્યું - શું ખરાબ કર્યું કોઇનું દિલ તો નથી દુભવ્યું ને! કોઇને કોઇ ખરાબ શબ્દ તો નથી કહેવાઇ ગયો ને?!

આપણાં સુખ-દુખ-ચિંતાઓ-અશાંતિનું મુખ્ય કારણ આપણાં કર્મો છે. ‘પૂર્વજન્મો’નાં તો ખરાં જ - પરંતુ આ જન્મમાં પણ જિંદગીમાં કોઇની સાથે દગો કર્યો હોય, મારામારી-જીવહાનિ-‘અન્યાય’, ‘શોષણ’ કર્યું હોય ત્યારે ભલે તમે ‘અંતરાત્મા’ને સમજાવી-પટાવી-દબાવી-કાબૂમાં રાખવા પ્રયત્ન કરો પણ જ્યારે રાત્રે પથારીમાં પડો ત્યારે એ બધા જ કાળાં કામ-કાળો પહેરવેશ પહેરી ડાકલાં વગાડતાં વગાડતાં તમારી આંખ સામે કીકીયારીઓ પાડી ‘નૃત્ય’ કરે છે અને સૂવા દેતાં નથી. સત્કર્મી માણસ પથારીમાં પડવાના અર્ધે રસ્તે જ ઊંઘી જાય છે એનું પરમ સુખ-શાંતિ...

માટે દરરોજના કર્મોનું આત્મચિંતન કરવું જરૂરી છે.

સુવિચાર

- કર્મો, કર્તવ્યો તો ધ્વનિ શબ્દોથી ઊંચો હોય છે **- અરબી કહેવત**
- કર્મનું ફળ ઇશ્વર આપવાનાં જ છે એવી સમજણ જેના હૃદયમાં છે તેના કર્મમાં એક અનેરી સુગંધ હોય છે **- જનકલ્યાણ**
- જ્ઞાની માનવીને જગત લોભાવી શકતું નથી, જેમ માછલીની કુદાકુદથી સાગર છલકાતો નથી **- ઓશો**
- ચિત્રકાર એટલે વેચાઇ શકે તેવા ચિત્રો ચીતરનારો, જ્યારે કલાકાર એટલે તે જ ચીતરે તે વેચાઇ જાય **- ફાધર વાલેસ**
- વિશુદ્ધ કળાનાં સર્જન માટે કલાકારનું અંતઃકરણ નિર્દોષ અને નિર્મળ હોવું જોઇએ **- બર્નાર્ડ શો**
- સંતોષ કુદરતી દોલત છે.. જ્યારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- લોકો નિંદા કરે કે પ્રશંસા પરંતુ ધીર પુરૂષો ન્યાયના માર્ગમાંથી વિચલીત થતા નથી **- શાહબુદ્દીન રાઠોડ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

રાજા, પ્રધાન, અધિકારીઓ એ ‘સત્તા’ સ્થાને બેસી માત્ર ‘તુમાખી’ ભર્યું વર્તન ન કરતાં બૌધિક સાહિત્યકારો-પંડિતોની પરિસ્થિતિથી વાકેફ રહી તેમને મદદ કરવી જોઇએ. વિદ્વાનોને આત્મ સન્માન હોય છે તેથી એ ‘યાચના’ કરતા નથી.

એક રાજા દરબાર ભરી બેઠાં ત્યાં, દ્વારપાળે આવી કહ્યું, દરવાજે એક પંડિત આવ્યો છે અને કહે છે રાજાનો હું માસીયાઇ ભાઇ છું. આપ મુસ્લિમ અને એ હિંદુ છે - શું કરું?

રાજા કહે એને તરત અંદર લાવો પંડિત અંદર આવ્યો. રાજાએ એને સન્માન સાથે બેસાડ્યો. રાજાએ પુછ્યું - મારાં માસી કેમ છે? પંડિત કહે - અત્યાર સુધી તો ઠીક હતાં પણ મેં આપના દર્શન કર્યા અને એ મૃત્યુ પામી.

રાજા કહે - મારી માસીની મરણોત્તર ક્રિયા સારી રીતે કરજો. પંડિત કહે-મારી સ્થિતિ પ્રમાણે કરીશ. રાજાએ સો સોનામહોર આપી પંડિતને વિદાય કર્યો.

દરબારીઓને ખૂબ આશ્ચર્ય થયું. એકે હિંમત કરી પુછ્યું - હજૂર આપને માસી હતી જ ક્યાં? રાજા કહે હું સંપત્તિનો પુત્ર છું. સંપત્તિની બહેન ‘વિપત્તિ’ એનો એ પુત્ર - એટલે મારો માસીયાઇ થયો ને! અને મને જોઇ સન્માન મળતાં એને મદદનો વિશ્વાસ થયો એટલે કહ્યું કે મને જોતાં જ (વિપત્તિ) માસી મરી ગઇ.. એટલે મેં તેને નિર્વાહ માટે દાન આપી સહાય કરી. વિદ્વાનની ગૌરવ ભરી રજૂઆત અને રાજાની સમજ માટે દરબારીઓને બંને માટે માન ઉપજ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

ભદંભદ્ર નામની સૌ પ્રથમ હાસ્યરસિક નવલકથાના લેખક કોણ છે?

ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો

(૧) કવિ નર્મદે સમાજ સુધારણા માટે કયું અખબાર પ્રકાશિત કર્યું હતું?
(અ) પ્રેમપ્રકાશ (બ) દાંડીયો
(ક) કુમાર (ડ) સંસ્કૃતિ

(૨) ગુજરાતી સાહિત્ય મંડળની સ્થાપના ૧૯૧૨માં કયા સ્થળે થઈ હતી?
(અ) સુરત (બ) અમદાવાદ
(ક) ભરૂચ (ડ) વડોદરા

(૩) સૌરાષ્ટ્રની બોલીને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?
(અ) હાલારી (બ) ઝાલાવાડી
(ક) ચરોતરી (ડ) કાઠિયાવાડી

(૪) ધ્રુવ પ્રબોધભાઇ ભટ્ટની ‘તત્ત્વમશી’ નામની નવલકથાને કયા વર્ષે સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હતો?
(અ) ૨૦૦૦ (બ) ૨૦૦૧
(ક) ૨૦૦૨ (ડ) ૨૦૦૩

(૫) ‘વનાંચલ’ કોની કૃતિ છે?
(અ) જયંત પાઠક (બ) રા.વિ. પાઠક
(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) મકરંદ દવે

(૬) ‘અંગત’ કોની કૃતિ છે?
(અ) ભાનુપ્રસાદ પંડ્યા (બ) રાવજી પટેલ
(ક) પ્રહલાદ પારેખ (ડ) ચુનીલાલ મડિયા

(૭) ભદંભદ્ર નામની સૌ પ્રથમ હાસ્યરસિક નવલકથાના લેખક કોણ છે?
(અ) રમણભાઇ નીલકંઠ (બ) ઈશ્વર પેટલીકર
(ક) પીતાંબર પટેલ (ડ) પન્નાલાલ પટેલ

(૮) આચાર્ય આનંદ શંકર ધ્રુવનો જન્મ કયાં થયો હતો?
(અ) સુરત (બ) અમદાવાદ
(ક) રાજપીપળા (ડ) નડિયાદ

(૯) ‘ભગવાનનો ભાગ’ ના સર્જક કોણ છે?
(અ) રમેશ પારેખ (બ) પ્રહલાદ પારેખ
(ક) ચીનુ મોદી (ડ) જયંતિ દલાલ

(૧૦) નર્મદે ઈતિહાસને લગતું કયુ સર્જન કર્યું હતું?
(અ) હિંદુ રાજ્ય (બ) મારું ભારત
(ક) રાજયરંગ (ડ) ભારતીય સંસ્કૃતિ

(૧૧) નવલરામ કયુ સામાયિક ચલાવતા હતા?
(અ) ગુજરાતી શાળા (બ) કુમાર
(ક) સંસ્કૃત (ડ) સૌરાષ્ટ્ર

(૧૨) હેમચંદ્રાચાર્યનું જન્મસ્થળ કયું છે?
(અ) ધંધૂકા (બ) પાટણ
(ક) ખંભાત (ડ) સિદ્ધપુર

(૧૩) ‘વૈતાલ પચીસી’? પદ્યવાર્તા લખનાર કોણ છે
(અ) કવિ શામળ (બ) દયારામ
(ક) બાપુ ગાયકવાડ (ડ) અખો

(૧૪) ‘ગાંધીયુગના સાહિત્યગુરૂ’ કોણ ગણાય છે?
(અ) મહાદેવભાઈ દેસાઈ (બ) કાકાસાહેબ કાલેલકર
(ક) રામનારાયણ પાઠક (ડ) ઝવેરચંદ મેઘાણી

(૧૫) મધ્યકાલીન કવિ નાકર કયાંનો વતની હતો?
(અ) ખંભાત (બ) વડોદરા
(ક) ચાણોદ (ડ) અમદાવાદ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૫ સપ્ટે. ૧૯૩૯ સુસુમ યોનેગાવા - જાપાનના બાયોલોજીસ્ટ, જનીનશાસ્ત્રમાં વિશેષ પારિતોષિક મેળવનાર
- ૫ સપ્ટે. ૧૯૦૮ વિક્ટર એમ્બ્રુશીમીયમ - રશિયન અવકાશ વૈજ્ઞાનિક તથા ભૌતિકશાસ્ત્રી. સ્કૂલ ઓફ થીલોરીટીકલ એસ્ટ્રોફીઝીકલના સ્થાપક.
- ૬ સપ્ટે. ૧૯૪૩ રીચાર્ડ જે. રોબર્ટસ - ઈંગ્લીશ, મોકેક્યુલર બાયોલોજીસ્ટ, ૧૯૯૩માં સ્પલીટ જીન્સની શોધ બદલ નોબલ પારિતોષિક મેળવનાર.
- ૬ સપ્ટે. ૧૯૦૮ લૂઈસ ઈશેન - ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી, કવાર્ટ્ઝ કલોક અને એટોમીક કલોકના શોધક.



ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

- ૭ સપ્ટે. ૧૯૫૫ ઈફીમ ઈસાકોવીચ ઝેમ્લનોવ - રશિયન મેથેમેટીશીયન ગણીતશાસ્ત્રીનો શ્રેષ્ઠ ફીલ્ડ મેડલ ૧૯૯૪માં મેળવનાર.
- ૭ સપ્ટે. ૧૯૧૭ સર જહોન કોનફોર્મ - ઓસ્ટ્રેલીયન - બ્રિટીશ કેમીસ્ટ ‘એન્ઝાઈમ કેટેલાયઈઝ રીએકશન શોધ બદલ ૧૯૭૫ નોબલ પ્રાઈઝમેળવનાર.’
- ૮ સપ્ટે. ૧૯૧૮ સર ડેરીક બાર્ટોન - ઈંગ્લીશ કેમીસ્ટ ‘ઉડી જીઓમેટ્રીક સ્ટ્રકચર ઓફ મોલેકયુલર શોધ બદલ ૧૯૬૯નાં નોબલ વિજેતા’
- ૮ સપ્ટે. ૧૯૦૩ માર્થ વોગ્ટ - જર્મન - બ્રિટીશ ફાર્માલોજીસ્ટ મહિલા વૈજ્ઞાનિક.
- ૯ સપ્ટે. ૧૯૧૭ કાર્લટન ગાજયુસેક - અમેરીકન તબીબ અને વાયરોલોજીસ્ટ. ૧૯૭૬માં નોબલ વિજેતા.
- ૯ સપ્ટે. ૧૯૨૨ હેન્સ જયોર્જ હેલ્હમેન - જર્મન બોર્ન - અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક. ‘આયન ટ્રેપ ટેકનીક’ શોધ બદલ ૧૯૮૯માં નોબલ વિજેતા
- ૧૦ સપ્ટે. ૧૯૪૧ સ્ટેફન જય ગોલ્ડ - અમેરીકન પ્લેનેટોલોજીસ્ટ અને બાયોલોજીસ્ટ
- ૧૦ સપ્ટે. ૧૯૩૪ મેક્સી એન્ડરસન - અમેરીકન બલૂનીસ્ટ. જુદા-જુદા પ્રકારના ગેસ બલૂન બતાવનાર
- ૧૧ સપ્ટે. ૧૯૩૭ રોબર્ટ લૂરલ ક્રીપન - યુ.એસ. એસ્ટ્રોનટ. જેમણે ફર્સ્ટ ઓર્બીટ ફલાઈટ ટેસ્ટ કર્યો.
- ૭ સપ્ટે. ૧૯૩૫ ગેરમન સ્ટેપાનોવીચ ટીટોવ - રશિયન અવકાશયાત્રી, વોસ્કોટ-૨ એરક્રાફ્ટના પાયલોટ

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ગુજરાતના કયા સિનિયર નેતાને તાજેતરમાં રાજયપાલ બનાવવામાં આવ્યા હતા? જવાબ - માન. શ્રી વજુભાઇ વાળા

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) મહેશ એમ. જાદવ : સે-૩૦ (૨) પંકડ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) મૂળજીભાઈ પરમાર ‘દધિ’ : સે-૭ (૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) ઋજિત રાવત : સે-૭ડી (૬) જયેન્દ્ર એન. પાઠક : સે-૩૦
(૭) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

આંતરરાષ્ટ્રીય ઓઝોન દિન કયા દિવસે ઉજવાય છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) બ (૨) બ (૩) ડ (૪) ક (૫) અ (૬) બ (૭) અ (૮) બ (૯) અ (૧૦) ક (૧૧) અ (૧૨) અ (૧૩) અ (૧૪) બ (૧૫) બ

યોગ્ય જ્ઞાન કે સમજ વિના આ વિશ્વના અણુ-અણુમાં વ્યાપક પરમાત્માના દર્શન થતા નથી

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

સહસ્ત્રશીર્ષાઃ પુરૂષઃ સહસ્ત્રાક્ષ સહસ્ત્રપાદ સ ભૂમિં સર્વતઃ સ્પૃત્વાત્યતિષ્ઠદ્ દશાઙ્ગુલમ્ ॥

આ સમગ્ર વિશ્વના અધિષ્ઠાતા આદિ પુરૂષને હજાર મસ્તક, હાથ, નેત્ર તથા પગ છે. તે પુરૂષ બધી રીતે ભૂમિને સ્પર્શી, તેની દશે દિશાઓ કરતાં એકેક આંગળી પરિમાણમાં વધે છે. તે આ વિશ્વની આંતર બાહ્ય બધે વ્યાપ્ત છે.

- યજુર્વેદમાં - પુરૂષ-સૂક્ત મં.૧

યજુર્વેદના એકત્રીસમાં અધ્યાયમાં પ્રાથમિક સોળ મંત્રો પુરૂષ સૂક્તના છે. જેમાં આદિ વિરાર - પુરૂષની ભવ્ય કલ્પના સાકાર થઇ છે. પુરૂષ શબ્દ પારિભાષિક છે. જે અર્થમાં આજે આપણે તેને પ્રયોજીએ છીએ એ અર્થમાં વૈદિક સમયે પ્રયોજાતો ન હતો. ‘પુરૂષ’ એટલે પરમાત્માનું કાલ્પનિક સ્વરૂપ પ્રકૃતિ તથા પુરૂષ મળી આ સૃષ્ટિનું સર્જન થયું છે. આ સૂક્તનાં મંત્રોનો આપણે અવારનવાર થોડો પરિચય પણ મળે છે. આપણે ત્યાં વારંવાર યોજાતા પાઠ-પૂજા તથા હોમહવન વખતે, પ્રભુની પૂજામાં, અર્ઘ્ય અર્પણ કરતી વખતે, દૂધ કે જળનો અભિષેક કરતાં કે પૂજાના અંતે નૈવેદ્ય અને આરતી વખતે પુરૂષ સુક્તના મંત્રો બોલવામાં આવે છે. યજુર્વેદ ઉપરાંત ત્રણે અન્ય વેદોમાં પણ આ સૂક્ત આવે છે તેજ તેનું મહત્વ દર્શાવે છે. આ સૂક્તના મંત્રોનો ઉપયોગ વિષ્ણુ-યાગમાં થાય છે. તેમાં પુરૂષ સૂક્તના મંત્રોથી આહુતિઓ અપાય છે. આ સૂક્તના જાણકાર વિના કોઇ પણ વિષ્ણુયાગમાં આહુતિ ન આપી શકે. રૂદ્રાભિષેકમાં પણ આ સૂક્ત બોલાય છે. તેની ભાષા વૈદિક સંસ્કૃત છે. તેના ઉચ્ચારણો પણ અમુક રૂઢિ પ્રમાણે જ કરાય છે.

આ સૂક્તમાં ‘વિરાટ પુરૂષ’ની સંકલ્પના તથા આ સૃષ્ટિનો જે ક્રમમાં વિકાસ થયો છે. તેનું કલ્પનાસભર વર્ણન છે. સૃષ્ટિના પ્રારંભ સમયે અત્રે કશું ન હતું. રાત દિવસ કે કાળ પણ ન હતો. સમગ્ર રીતે અંધકાર જ વ્યાપ્ત હતો. એ અંધકારમાંથી આત્મતત્તવ ચૈતન્ય તત્ત્વનો પ્રથમ વિકાસ થયો. આ તત્ત્વને જ પરમાત્મા માનવામાં આવે છે. પ્રારંભિક એકકોષીય જીવથી સૃષ્ટિનો વિકાસ થતો ગયો. જળ તથા પૃથ્વી તત્વ સાકાર થયા. ઐતરેય ઉપનિષદમાં દર્શાવયા પ્રમાણે પરમાત્માએ જળમાંથી માનવનું સર્જન કર્યું. આ વાતને આજે વિજ્ઞાનનો ટેકો છે. પ્રથમ જીવ પ્રાણીમાં ઉત્પન્ન થયો છે. આ પ્રાણ તત્ત્વ તેજોયમ ઉષ્માસભર હતું. આ તત્ત્વ પુરૂષ ને ‘વિરાટ’ નામે ઓળખવામાં પણ આવ્યું.

આ તત્ત્વ સર્વ પદાર્થોમાં વિદ્યમાન છે. જે સહસ્ત્ર મસ્તક નેત્ર તથા પગ ધરાવે છે. સહસ્ત્ર એ એક સૂચક શબ્દ નથી તેઓ અર્થ અસંખ્ય તેવો થાય છે. વિરાટ પુરૂષને અસંખ્ય મસ્તકો નેત્ર હાથ પગ છે. અર્થાત તેજ પરમતત્ત્વ પરમાત્મા છે. પૂજ્યપાદ ડોંગરેજી તથા દાદા આથવલે પણ તેને પરમાત્માનું પ્રતીક માને છે. સમગ્ર વિશ્વમાં જે ચૈતન્ય વીલસી રહ્યું છે. તે અંગેની આ સાદી સમજણ છે. ચેતનનો પ્રસાર તો વ્યાપ્તજ છે. સમગ્ર - સૃષ્ટિમાં વ્યાપી તેના આંતર - બાહ્ય ચારે બાજુ તે પથરાયેલું પડ્યું છે. આ આપણને જે અવગત વિશ્વ છે. તેને તો પોતાના વ્યાપમાં સમાવે છે પણ તેના કરતાં દશ આંગળ વધારે છે અર્થાત્ આપણા આ બ્રહ્માંડના દરેક પદાર્થોમાં તેજ તત્ત્વ છે. બીજા અનેક વિશ્વોમાં પણ તે તત્ત્વ હોવાની સંભાવના છે.

ગાયત્રી પરિવાર દ્વારા પ્રસિદ્ધ યજુર્વેદ - સંહિતામાં દરેક દિશામાં એકેક આંગળ નહી પણ કુલ દસ આંગળ તેમ કહ્યું છે. તે પ્રમાણએ કોઇ પણ એક બાજુ વધારે વિસ્તરે.

આચાર્ય શર્માજી નવ ને પૂર્ણાંક ગણાવી પરમાત્મા પૂર્ણથી પણ અધિક છે. તેવું જણાવે છે આપણા શરીરનું આત્મતત્ત્વ આ વૈશ્વિક ચૈતન્યનો એક અંશ છે. આ વિરાટ - પુરૂષની શારીરિક સંરચના અંગે જણાવાયું છે કે બ્રાહ્મણો (જ્ઞાન) તેનું મુખ છે. ક્ષત્રિયો (શક્તિબળ) તેના બાહુ છે. વૈશ્ય (લક્ષ્મી - વૈભવ) તેનું ઉદર છે. તો શુદ્ર (કર્મ તેના પગ છે. આમ જ્ઞાન-વિજ્ઞાન-શક્તિ-કર્મ તથા વૈભવ સમગ્રનો પ્રાદુર્ભાવ ‘વિરાટ’ પુરૂષમાંથી થયો છે.

વિરાટ પુરૂષની સંકલ્પના પાછળ વિશિષ્ટ દર્શન છે આપણે સામાન્યતઃ વૈશ્વિક ચૈતન્યનો અનુભવ નથી કરી શકતા. ભગવાને અર્જુનને પણ વિશ્વરૂપ દર્શન કરવા માટે દિવ્ય નેત્રે આપ્યા હતા. યોગ્ય જ્ઞાન કે સમજ વિના આ વિશ્વના અણુ-અણુમાં વ્યાપક પરમાત્માના દર્શન થતા નથી. પૂજ્ય વિનોબાજીએ એક પ્રસંગ નોંધ્યો છે. કોઇએ તેઓને પુછેલું ‘શું’ ભગવાને અર્જુનને જે વિશ્વરૂપ દર્શન કરાવ્યું તે સાચું હશે? વિનોબાજી કહે, ‘હ’ જેનામાં એ પારખવાની દૃષ્ટિ હોય તેને દર્શન થાય. આ પર્વતો - આ બધામાં તમને જો પરમાત્માની પ્રતિકૃતિ દેખાતી હોય તો તેજ વિશ્વરૂપ દર્શન છે. દરેક વ્યક્તિમાં પરમાત્મા જ બીરાજે છે. ઉપનિષદમાં કહ્યું છે ‘પ્રસાનં બ્રહ્મ લોકા પ્રજ્ઞાનં પ્રતિષ્ઠતા’ આ વિશ્વ એ જ પરમનું ધામ તેમ સ્વરૂપ પણ છે. ‘ગીતા મૃતમ’ ગ્રંથમાં દાદા આથવલે કહે છે. આપણા સૌના મુખ - નેત્ર - હાથ - પગ પરમાત્માના જ છે. ચિત્રકાર જે રીતે ચિત્રમાં દર્શાવે છે. તેવા પરમાત્માને નથી કલ્પવાના. વિષ્ણુસહસ્ત્ર નામના અંતમાં પણ ભગવાન કહે છે, ‘નમો સ્તવનેત્રાય સહસ્ત્ર - મૂર્તયે...’

•••

સહસ્ત્ર કોટી યુગ ધારિણિ નમઃ

આમ પરમ તત્ત્વનું દર્શન તો સાર્વત્રિક થાય જ છે.

યજ્ઞના અંતે જનતા જનાર્દનનું અભિવાદન કરવા પણ આ મંત્ર બોલાય છે. યજ્ઞકર્મ વ્યક્તિગત ન રહે પણ સાર્વત્રિક ભાવના પ્રસરે તેવો અભિપ્રાય વ્યક્ત થાય છે. આજકાલ તો આપણે સ્વાર્થ તથા સંકુચિતતામાં જ મહાલીએ છીએ. દેવીપૂજામાં પણ વિભાગોમાં પાડીએ છીએ પરમાત્મા તો સહસ્ત્રશીર્ષા છે તે ભુલી જઇ સાંપ્રદાયિક ઝગડાઓમાં વધારે સમય વેડફીએ છીએ. સમગ્ર વિશ્વમાં એક જ વ્યાપક ચૈતન્ય પ્રસરેલું છે. અહીંના જ્ઞાન-વિજ્ઞાન કર્મ તથા ભક્તિ, શક્તિ તથા બળ આ સૌનું ઉત્પત્તિસ્થાન એક માત્ર પરમાત્મા છે. તેનું દર્શન કરવા આંખો ખુલ્લી રાખવી જોઇએ.

કાકા સાહેબ કાલેલકરનો અનુભવ પણ જાણવા જેવા છે. તેઓ દક્ષિણ જ પ્રવાસ કરતા હતા. એક સ્ટેશન પર તેનો માહિતી આપવામાં આવી કે ગાડી ઉપડ્યા પછી બરાબર દસ મિનિટે નીલગીરી પર્વત ફરતો વળાંક લેશે તો વખતે તો અદ્ભૂત સૌંદર્યનું દર્શન થશે. કાકા સાહેબનો નિયમ હતો કે સવારે નવ વાગે ગીતાપાઠ કરવો. વચ્ચે ભંગ ન થાય તેમ. તેણે જોયું તો સમય હતો. નીલગીરી પર્વત પસાર થાય પણ વાગે. પણ ગાડી માંડી પડી. બરાબર નવ વાગે તો સ્ટેશનની ઉપડી. કાકા-સાહેબ પાઠ શરૂ કર્યો. પણ મનમાં ચટપટી થાય. આવું અદ્ભૂત સૌંદર્ય જોવાનો લાવો નહિ મળે. ગાડી જયાં પર્વત નજીક આવી ત્યારે કાકા સાહેબ ગીતાજીના આ શ્લોક પર આવ્યા ‘પરમ મે પાર્થ રૂપાળી શતશૌયઃ’ ને તેના અંતરમાં પ્રકાશ થયો. ભગવાન જ તેના હજારો રૂપો મન ભરી નીરખવાનું કહે છે. તેણે આંખો ખોલીનો એ સૌંદર્ય પુરેપુરું માણ્યું.

આ વિશ્વ આ સૃષ્ટિ જ પરમાત્માનું સાક્ષાત્ દર્શન છે. આપણી આસપાસ સર્વત્ર એ પરમ - તત્ત્વ જ વિલશી રહ્યું છે. જરૂર છે. માત્ર જોવાની - દૃષ્ટિ પરિવર્તનની માટે કવિ કહે છે.

‘મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જન હારા રે...
પલ પલ તારા દર્શન થાએ દેખે દેખણ હારા રે...’

સમાચારપત્ર : સમાજનો આયનો

A good newspaper, I suppose, is a nation talking to itself.
- Arthur Miller (American dramatist)

(સારું છાપું વાંચતા જણાવું જોઈએ કે સ્વયં રાષ્ટ્ર વાત કરી રહ્યું છે.
આર્થર મિલન (અમેરિકન નાટયકાર)

નવું જાણવાની ઉત્કંઠા રહેવી તે માણસનો સ્વભાવ છે. કંઈ ને કંઈ નવું જાણવાની પ્રવૃત્તિ એને જીવતો રાખતી હોય છે. આ જાણવાની વૃત્તિ જયારે Know thyslef અથવા ‘કો અહમ્’ની ઊંચાઈ પર પહોંચે છે ત્યાર પછી એને બીજું કશું જાણવાની જરુર રહેતી નથી તે પણ સત્ય છે. એવું સત્ય કે જે એક અંતિમ સત્ય ભણી દોરી જઈ શકે. વિશ્વમાં પ્રત્યેક ક્ષણે અગણિત ઘટનાઓ બનતી રહે છે. એમાં કેટલીક સમાચાર બની જાય છે. કંઈ ઘટના સમાચાર બની શકે એ કુશળ પત્રકાર નક્કી કરી શકે.

વિશ્વના પ્રવાહોથી વાકેફ રહેવું એટલે વહેતા સમય સાથે રહેવું. સમય સાથે રહેવું તે શિક્ષિત અને જાગૃત હોવાનું દ્યોતક છે. આ કામ સમાચારપત્ર કરે છે. ઉત્તમ સમાચારપત્ર શિક્ષકની ગરજ સારતું હોય છે તો કયારેક માર્ગદર્શકની ભૂમિકા પણ ભજવે છે. સમાચારપત્ર માટે પ્રચલિત અને લોકજીભે ચડી ગયેલો શબ્દ છે છાપું. એ શબ્દમાં આત્મીયતા છે. છાપું વાંચવા મળે નહીં તે દિવસે કશુંક ખૂટતું જણાય એવો અનુભવ લગભગ સૌ કોઈનો છે.

અક્ષયપાત્ર

- બકુલ દવે

છાપામાં સમાચારોનું વૈવિધ્ય હોય છે. જિજ્ઞાસા સંતોષે તેવા માહિતીપ્રદ અને ચિંતનાત્મક સમાચાર અને લેખ પણ હોય છે આની સમાંતરે સાવ સામાન્ય કુતૂહલને સંકોરે તેવા ખબર પણ હોય છે. શું વાંચવું તે વાચકે નક્કી કરવાનું હોય છે. નીરક્ષીર અલગ કરવાનો વિવેક મહત્વની બાબત છે. છાપામાં શું વાંચવું તે પણ આગવી સમજ માગી લે છે. કેટલાક ‘આહ’ની સાથે જોડાયેલા હોય છે તો કેટલાક ‘વાહ’ની સાથે. ઘણું ખરું વાચકોને ‘આહ’માં વધુ રસ હોય છે. કોઈ કવિને પારિતોષિક મળ્યું તે સમાચાર કરતાં એ કવિના પ્રેમસંબંધ વિશે જાણવાની ઉત્સુકતા વધુ હોય છે! એટલે પારિતોષિકના સમાચાર ખૂણામાં છપાય, પણ પ્રેમસંબંધની વાત ખૂલે તો તે વિસ્તારથી છપાય. એ ક્વોટ છે જેમાં સમાચારપત્રની વ્યાખ્યા કરી છે : ‘સમાચારપત્ર એક એવી ચીજ છે કે જે દુનિયાના અડધા લોકોની સમસ્યાઓથી બાકીના અડધા ભાગના લોકોને મનોરંજન પુરું પાડે છે.’

જે હોય તે. સમાચારપત્રની જરૂરિયાત હંમેશાં રહેવાની, રહેશે. જનજીવન અને માનવજાત સાથે એનો નાતો અભિન્ન અને અતૂટ રહ્યો છે અને કાયમ રહેશે. ટેલિવિઝનની સમાચાર ચેનલો એનો વિકલ્પ બનીશકે તેમ નથી, ટેલિવિઝનના મોનિટર પર દેખાતાં દૃશ્યો કરતાં મુદ્રિત અક્ષરો વધુ સચોટ અને અસરકારક હોય છે. વારંવાર વાંચી તેની સાથે ભાવાત્મક અને ચિંતનાત્મક રીતે પ્રત્યાયન સાધી શકાય છે. સ્વાતંત્ર્ય સંગ્રામના દિવસોમાં જેટલું ઉત્તમ કામ આઝાદીના લડવૈયાઓએ કર્યું એટલી જ પ્રભાવક ભૂમિકા અખબારોની પણ રહી. ‘કેસરી’ અને ‘મરાઠા’ના તંત્રી લેખોએ રણભેદી ફૂંકવાની ગરજ સારી, તંત્રી લેખ છાપાની નાડી હોય છે. એના ધબકાર પરથી છાપાનો મિજાજ, વલણ અને એની ગુણવત્તા વિશે કહી શકાય છે.

પત્રકાર છાપાની કરોડરજ્જુ છે. એ છાપાને ટટ્ટાર ઊભું રાખે છે. પત્રકારે અલગ અલગ પ્રકારના સમાચાર વચ્ચે સમતુલા જાળવીને ચાલવાનું હોય છે. અનેક પ્રકારના વાંચકોની રુચિ સંતોષવા સતત જાગ્રત અને સજ્જ રહેવું પડે છે. એટલું જ નહીં, પણ પ્રત્યેક ક્ષણને સાચવી લેવાની નિયમિતતા પત્રકારત્વની પાયાની જરુરિયાત છે. લિઓ તોલ્સતોયે પ્રિન્સ પાંચમાને ૨૨-૮-૧૮૭૧ના રોજ પત્ર લખ્યો : ‘સમાચારપત્ર અને પત્રકારત્વની પ્રવૃત્તિ એ બૌદ્ધિક કૂટણખાના જેવી છે, જેમાં પીછેહઠને કોઈ અવકાશ નથી.’